## આખરે સાધ્વી કાનૂની સકંજામાં..!

# મુક્તેશ્વર મઠની સાધ્વી જયશ્રીગિરિ સામે ૫ કરોડની ઠગાઈની ફરિયાદ

### સાધ્વીના મકાનમાં પોલીસની રેડ : ૨ કરોડ ૨૫ લાખની ૨ હજારની નવી ચલણી નોટ, ૨ કિલો ૪૦૦ ગ્રામ સોનાના ૨૪ બિસ્કીટ અને વિદેશી દારૂ સહિત બિયરના ટીન ઝડપાયા

મુક્તેશ્વર, તા. ૨૭

સરહદી બનાસકાંઠા જિલ્લામાં આવેલા મુક્તેશ્વર ખાતે શ્રી મુક્તેશ્વર મહાદેવ મઠના કહેવાતા મહંત સાધ્વી જયશ્રીગિરી આખરે... કાનૂનના સકંજામાં સપડાયા છે. મઠની ગરિમાને હાનિ પહોંચાડતા આ સાધ્વીના ઘરમાં પોલીસે રેડ કરી હતી. જેમાં ૨ કરોડ ૨૫ લાખની ૨ હજારની નવી નોટો, ૨ કિલો ઉપરાંતનું સોનું અને વિદેશી દારૂ સહીત બિયરની બોટલો મળી આવતા ખુદ પોલીસ પણ ચોંકી ઉઠી હતી.



વિવાદના પર્યાય બનેલા સાધ્વી જયશ્રીગિરી કાનૂની સકંજામાં સપડાતાં પોલીસની ગિરફતમાં આવી ગયા છે. ભગવા વસ્ત્રો ધારણ કરીને સાંસારિક સુખોમાં રચ્યા પચ્યા રહેતા સાધ્વી જયશ્રીગીરી વિરુદ્ધ ફરિયાદ મળતા પાલનપુર શહેર પશ્ચિમ પોલિસ, એલ.સી.બી અને એસ.ઓ.જી. પોલીસ સહિતનો કાફલો તેમના પાલનપુર ખાતેના ગૌરીપાર્ક સોસાયટીમાં આવેલા મકાનમાં ત્રાટક્યો હતો. જે દરમ્યાન પોલીસને ૨ હજારની નવી નક્કોર નોટોથી ભરેલા થેલા અને સોનાના બિસ્કૂટ મળ્યા સાથે સાથે પોલીસને આ જોઈન્ટ ઓપરેશનમાં સાધ્વીના ઘરમાંથી વિદેશી દારૂની ૨૨ નંગ બોટલ મળી ઉપરાંત બિયરના ચાર ટીન મળ્યા હતા.

આ સમગ્ર ઘટના પર પડદો હતો. જેને ઊંચકવાનું કામ પાલનપુરના ભોગ બનનાર સોની વેપારીએ કર્યું હતું. પોલીસને સોની વેપારીની મળેલી ફરિયાદના આધારે સર્ચ ઓપરેશન પાર પાડવાનો મોકો મળ્યો હતો. જેમાં પોલીસને સાધ્વીની વૈભવી કારમાંથી ૨ કરોડ ૨૫ લાખની નવી નક્કોર બે હજારની નોટ અને દસ અને વીસની નવી નક્કોર ચાર લાખની નોટો પણ મળી આવી હતી. પોલીસે સાધ્વીના નિવાસ સ્થાનેથી ૨કિલો ૪૦૦ ગ્રામના સોનાના ૨૨ બિસ્કૂટ જપ્ત કર્યા છે.

પાલનપુરમાં ન્યુ દાગીના નામની દુકાન ધરાવતા સોની વેપારીએ પોતાની સાથે ૫ કરોડથી પણ વધુની છેતરપિંડીની ફરિયાદ દાખલ કરાવી હતી. ફરિયાદમા જણાવ્યા મુજબ સાધ્વીએ સોનુ ઉછીનું ખરીદ્યા બાદ નાણાં આપ્યા જ નહોતા અને ઉઘરાણી કરવા જતાં પોતાના સાગરીતો પાસે મારવાની ધમકી મળતી હતી. વેપારીએ અત્યાર સુધી ૧૬ કિલો ૨૦૦ ગ્રામના સોનાના દાગીના સાધ્વીને આપ્યા હતા પરંતુ નાણાં હજુ ના મળતા પોલીસનો સહારો લેતા આ સમગ્ર ઘટના પરથી પડદો ઊંચકાયો હતો.

વડગામ તાલુકાના મુક્તેશ્વર મઠમાં વર્ષો પહેલા આવીને ત્યાંની જાગીરી પર કબજો જમાવનાર સાધ્વી સતત વિવાદોના વમળમાં રહ્યા છે. તાજેતરમાં જ કીર્તિદાન ગઢવીના ડાયરામાં ૨ હજારની નવી નોટો ઉછાળી હતી. આ પહેલા મુક્તેશ્વર મઠમાં તપસ્વી સાધુ મૌની બાબાની રહસ્યમય હત્યામાં પણ તેમની સામે કાનૂની ગાળિયો ખેંચાયો હતો. તેવામાં હવે બિન હિસાબી રોકડ મળતા રઘવાયા બનેલા સાધ્વીએ મીડિયા સાથેની વાતચિતમાં પોતાનો બચાવ કર્યો હતો.



સાધ્વીએ પોતાના બચાવમા જે ચિરાગ રાવલનો ઉલ્લેખ કર્યો છે તે ચિરાગની માતાનું માનીયેતો, ચિરાગ પાછલાં કેટલાક દિવસોથી રહસ્યમય રીતે ગૂમ થઈ ગયો છે. પાછલાં અનેક દિવસોથી તેનો કોઈજ અતો પતો નથી અને સાધ્વીએ જ ચિરાગને ગૂમ કર્યો હોવાની દહેશત માતા ઈન્દિરા બહેનએ વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે પાલનપુર આવેલા વિશ્વ હિન્દૂ પરિષદના અગ્રણી જયંતિભાઈ પ્રજાપતિએ પણ સાધ્વી જયશ્રીગિરી મૌની બાબાની હત્યામાં સંડોવાયેલ હોવાનો ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. આમ, બનાસકાંઠા જિલ્લામાં સનસનીખેજ ઘટના બનતાં લોકોની સાધ્વી પ્રત્યેની આસ્થા અને તેમની નિષ્ઠા પર સવાલ ઉઠ્યા છે ત્યારે સંત સમાજને ના શોભે તેવી આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડવાની શક્યતા રહેલી છે.

## નકિચેતા સંસ્કારધામ સંસ્થામાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

થરા, તા. ૨૭

૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદનના કાર્યક્રમમાં બનાસકાંઠા જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના અધ્યક્ષ અશ્વિનભાઈ શાહ (વકીલ)ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. આ પ્રસંગે તાણા સરપંચ ધર્મિષ્ઠાબેન પટેલ, પૂર્વ સરપંચ ગીરીશભાઈ પટેલ, વકીલ રઘુભાઈ ચૌધરી, સંસ્થાના પ્રમુખ નટુભાઈ પટેલ, શાળાના આચાર્ય, સ્ટાફગણ તેમજ નગરજનોએ ઉપસ્થિત રહી રાષ્ટ્રધ્વજને સલામી આપેલ.

# ધાનેરાની આમ પ્રજા તિરંગાને સલામી આપવાથી વંચિત રહી

પહેલાની જેમ હવે પણ ધાનેરામાં જાહેર રાષ્ટ્રીય તહેવારની ઉજવણી થાય તેવી લોક માંગ છેલ્લા કેટલાક સમયથી ધાનેરાની આમપ્રજા દેશના આન બાન અને શાન સમાન તિરંગાને સલામી આપવાથી વંચિત રહી છે. ત્યારે આજે પ્રજાસત્તાકના દિવસે આમ પ્રજાને ન તો તિરંગાને સલામી આપવા મળી કે ન રાષ્ટ્રગીત ગાવા મળ્યું જેથી ધાનેરાના લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી અને લોકોએ માંગણી પણ કરી હતી કે પહેલાની જેમ હવે પણ ધાનેરામાં જાહેર રાષ્ટ્રીય તહેવારની ઉજવણી થાય થોડા વર્ષો અગાઉ ધાનેરાની મામલતદાર કચેરી ખાતે સમૂહ ધ્વજ વંદન કાર્યક્રમ યોજાતો અને જેમાં ધાનેરાની તમામ શાળાના વિદ્યાર્થીઓ ધ્વરા સવારમાં પ્રભાત ફેરી ફરી ધાનેરાના મામલતદાર કચેરીના ગ્રાંઉડમાં ધાનેરાની તમામ શાળાની સાથે ધાનેરાની તમામ પ્રજા પણ આ કાર્યક્રમમાં જોડાતું અને સાથે મળી રાષ્ટ્રીય તહેવારની ઉજવણી કરતા પણ છેલ્લ્લા કેટલાક સમયથી જાણે આ પ્રથા દૂર થઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે ધાનેરામાં રાષ્ટ્રીય તહેવારની ઉજવણી તો કરવામાં આવે છે નગરપાલિકા તરફથી શહેર કક્ષાએ અને મામલતદાર તરફથી તાલુકા કક્ષાએ નગરપાલિકા ધ્વરા




કોઈ પણ એક શાળામાં રાષ્ટ્રીય તહેવારની ઉજવણી કરવામાં આવે છે. જ્યાં નગરપાલિકાના સત્તાધીશો ધ્વરા રાજકીય અગ્રણીઓ અને તેમના મળતિયાઓને આમત્રણ આપી બોલાવી લેવામાં આવે છે અને આમ પ્રજાને તો ખબર જ નથી હોતી કે ધ્વજવંદન ક્યાં થવાનું છે ધાનેરાની પ્રજા પહેલાની જેમ આજે પણ ધ્વજ વંદનના સમયે મામલતદાર કચેરીના અને નગરપાલિકા કચેરીના ગ્રાઉન્ડમાં તિરંગાને સલામી આપવામાં આવે છે પણ લોકો આવે તે પહેલા તો સત્તાધીશો ધ્વજ વંદન કરી પોતાના કાર્યક્રમ ઉપર પહોંચી જાય છે અને ધાનેરાની આમ પ્રજાને તિરંગાને નથી તો સામી આપવા મળતી કે નથી તો રાષ્ટ્રીય ગીત ગાવા મળતું જેથી ધાનેરાના લોકો કહી રહ્યા છે કે પહેલા જે રીતે ભેગા મળી રાષ્ટ્રીય તહેવાર ની ઉજવણી કરવામાં આવતી તેમ હવે પણ કરવામાં આવે.

## અરવલ્લી જિલ્લા આઈ.એ.ટી.એમ. પ્રમુખ પદે પ્રભુદાસભાઈ પટેલની નિમણૂક

ભીલોડા, તા. ૨૭

અરવલ્લી જિલ્લા આઇ.એ.ટી.એમ. પ્રમુખની નિમણૂક કરાતાં આનંદની લાગણી પ્રસરી છે.

જિલ્લાના સહકારી આગેવાન અને અરવલ્લી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પી. પટેલની આઇ.એ.ટી.એમ. અરવલ્લી જિલ્લા પ્રમુખપદે નિમણૂક કરાતાં જિલ્લામાં આનંદની લાગણી પ્રસરી છે.






## ધાનેરામાં ૨૬મી જાન્યુઆરી નિમિતે ૪૫થી પણ વધુ જગ્યાએ ધરતી માતાનું પૂજન કરાયુ

ધાનેરા માં ૨૬ મી જાન્યુઆરી નિમિતે ૪૫ થી પણ વધુ જગ્યા ઉપર ધરતી માતાનું પૂજન કરવામાં આવ્યું અને સાંસ્કૃતિક કાર્યક્રમો ની સાથે સાથે લોકોને દેશ ભક્તિ માટે સંકલ્પ પણ લેવડાવવા માં આવ્યા હતા. ૨૬ જાન્યુઆરી ૨૦૦૦ ના દિવસે ગુજરાત માં ધરતી માં કોંપાય માન બન્યા હતા વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું જેમાં મોટી સંખ્યા માં લોકો મોતને ભેટ્યા હતા તે દિવસ બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં લોકો દ્વારા ૨૬ મી જાન્યુઆરી ના દિવસે ધરતી માતાનું પૂજન કરે છે અને લોકો ની સલામતી ની માંગણી કરે છે આજે પણ ધાનેરાની ૪૫ થી પણ વધુ જગ્યા ઉપર ધરતી માતાનું પૂજન કરવામાં આવ્યું હતું જેમાં ધરતી ઉપર ભારત માતાનો નકશો બનાવી ભારત માતાની છબી મૂકે છે અને તેની આરતી કરી પૂજા અર્ચના કરે છે ધરતી માતાના પૂજન ની સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ કરવામાં આવે છે અને લોકો ને સંકલ્પ પણ લેવડાવવામાં આવે છે કે લોકો માં દેશ ભક્તિ ની જાગૃતતા આવે અને દેશ નો દરેક નાગરિક દેશ ભક્ત બને અને ભારત માતા નું પૂજન કરતો થાય અને ભારત માતા માટે વફાદાર બને અને ભારત ની બધીજ સંસ્કૃતિ નું જતન કરે ૨૬ મી જાન્યુઆરી ના દિવસે ભૂકંપ થી લોકો કંપી ગયા હતા અને ત્યાર થી લોકો ના મનમાં ભારત માતા પરતે લાગણી દ્રઁદૃઢ મળી છે અને લોકો ખુબજ ઉત્સાહ સાથે ભારત માતાનું પૂજન કરે છે.

## ગલતેશ્વર અંબર્ટો સિરામીક્સ ઈન્ટરનેશનલ કંપનીમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર રોડ ઉપરાંત આવેલા અંબર્ટો સિરામિક ઈન્ટરનેશનલ પ્રા.લી.માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દેશભકિત ગીતો સહિત સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે કંપનીના કર્મચારીઓ કામદારોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.

પ્રાંતિજ નજીક આવેલ અંબર્ટો સિરામીકસ ઈન્ટરનેશનલ પ્રા.લી. કંપનીમાં ૬૮માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ગુજરાત રાજયના શ્રમજીવી વિભાગના ચેરમેન સુનિલ. જે. સિંગ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતુ જયારે ધ્વજવંદન બાદ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં દેશભકિત ગીતો, લોકનૃત્ય, તથા ૨૦૧૬માં થયેલી રમતગમતના વિનર્સ રનર્સઅપને



ટ્રોફી તેમજ ઈનામ આપી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં તેમજ કંપનીમાં કામ કરતા કામદારો કર્મચારીઓ માટે કંપનીમાં બનાવેલ જીમનું પણ સુનિલે.જે. સિંગ દ્વારા પટ્ટી કાપીને ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જયારે આ પ્રસંગે સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડ, કંપનીનાં સીઈઓ એસ.પેરુમાં. રેડ્ડી, સુધિર. કે. મલેસા ડાયરેકટર, સહિત મહેમાનો તથા કંપનીનો સ્ટાફ સહિત કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન આર.કે. દાસ, પી.આર તેમજ વિશ્વેશ્વર ગોસ્વામી તેમજ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

## રણાવાડા જાગીરમાં પ્રજાસત્તાક દિવસની શાનદાર ઉજવણી

કાંકરેજ, તા. ૨૭

કાંકરેજ તાલુકાના રણાવાડા(જાગીર) ગામે ૬૮મા પ્રજાસત્તાક દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના આચાર્ય દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સરપંચ અંબારામ રાવલ, ડે. સરપંચ ભરતભાઈ દવે, સોમાભાઈ, વશરામભાઈ, બળદેવભાઈ, રમેશભાઈ આશારામ રાવલ, રઘુભાઈ મેમરાજભાઈ, જયરામભાઈ ડી. દવે સહિત શાળાના બાળકો સહિત ગામલોકોએ ભારે ઉત્સાહ પૂર્વક પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. જેમાં એક પાત્ર અભિનય, ગરબા, નાટક અને રાષ્ટ્રગીત સાથે આન-બાન અને શાન સાથે ત્રિરંગાને સલામી અપાઈ હતી.જોકે નવ નિયુક્ત સરપંચ રાવલ અંબારામભાઈ દ્વારા ધ્વજ લહેરાવ્યો હતો. નિશામાં ભણતા બાળકોને બોલપેન અને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતુ અને જિલ્લાકક્ષાની પરીક્ષામાં ૧,૨,૩ નંબરમાં પાસ થયેલા વિદ્યાર્થીઓને મેડલ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જો કે રાણાવાડા(જા)માં ઘણા વર્ષો બાદ ચૂંટણી યોજાઈ હતી અને ભારે રસાકસીનો જંગ ખેલાયો હતો. ત્યારે ૬૮માં પ્રજાસત્તાક દિવસે ગ્રામ અને દેશની ભાવના લોકોમાં આંખે ઉડી વળગી હતી. જે રણાવાડા(જા)માં એકતાના દર્શન જોવા મળ્યા હતા.





## પ્રાંતિજના તાજપુર ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાજપુર ખાતે ૬૮માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી અને પ્રાંતિજ સહિત તાલુકામાં વિવિધ જગ્યાએ શાળા કોલેજોમાં પણ ૬૮મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજના તાજપુરમાં આવેલ વિભાગીય સાર્વજનિક હાઇસ્કૂલ ખાતે તાલુકાકક્ષાનો ૬૮માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ તલોદના પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરી દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટી.કે. વાઘેલા, પ્રાંતિજ પીઆઇ ટી.બી. રાઠોડ, ફોરેસ્ટ અધિકારી કે.એમ. પટેલ સહિત અધિકારીઓ કર્મચારીઓ તથા ગામજનો આગેવાનો તથા શાળાના બાળકો સહિત શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતા અને ધ્વજને સલામી આપી હતી ત્યારે ધ્વજવંદન પછી સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતાં. જયારે પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે તાલુકા પ્રમુખ દક્ષાબેન દ્વારા કરવામાં આવ્યું હતું અને નગરપાલિકા દ્વારા વોર્ડ નં-૧ નવા બગીચા ખાતે નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ દ્વારા કરવામાં આવ્યું હતું અને નગરપાલિકા કોર્પોરેટરો સહિત ગામજનો આગેવાનો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને તિરંગાને સલામી આપી હતી.